**આંક - ૪૧**

## <u>મજુર અદાલતના પ્રમુખ અધિકારી</u> <u>શ્રી એ.એન.તલસાણીયા સમક્ષ, વલસાડ.</u>

રેફરન્સ (એલ.સી.વી) નં. ૩૨૨/૨૦૧૧

પ્રથમ પક્ષકાર : (૧) મેસર્સ હિલ્ટન ઓર્ગેનિક્સ કેમીકલ પ્રા.લી,
પ્લોટ નં. એ-૨/૧૦, ફસ્ટ ફેઈઝ,
જી.આઇ.ડી.સી., વાપી,
તા.વાપી, જી.વલસાડ.
(૨) મેસર્સ શ્રી જયવીર ઓર્ગેનિક્સ,
પ્લોટ નં. એ-૨/૧૦, ફસ્ટ ફેઈઝ,
જી.આઇ.ડી.સી., વાપી,
તા.વાપી, જી.વલસાડ.

: વિરૂધ્ધ :

બીજા પક્ષકાર : શ્રી કુસેબા શ્રીરામ સાનપ,
મુ.- પો. ડુંગરા કોલોની, આર.બી.એલ.-૭૬/૮૧૯,
વાયા- વાપી. તા. વાપી, જી. - વલસાડ.
ગુજરાત રાજ્ય કામદાર સેવા સંઘ,
સાંઈ પ્લાઝા કોમ્પ્લેક્ષ, બી-૨૦૪, સેકંડ ફ્લોર,
ટેલીફોન એક્ષચેંજની સામે, જી.આઈ.ડી.સી. ચાર રસ્તા,
વાપી, તા. વાપી, જી. વલસાડ.

હાજર રહ્યા : બીજા પક્ષકાર તરફે - શ્રી.આર.એમ.પ્રજાપતિ, યુનિયન પ્રતિનિધી
પ્રથમ પક્ષકાર તરફે - શ્રી પી.યુ.રાણા, એડવોકેટ

### - : : એવોર્ડ : : -

**(૧)** સદર રેફરન્સ મદદનીશ મદદનીશ શ્રમ આયુક્તશ્રી, વલસાડની કચેરીના તા. ૨૩/૧૧/૨૦૧૧ ના હુકમ ક્રમાંક: કે.એચ.એસ /એચ.એમ.સી /૬૭૬૭ /એ.જે આઈ.ડી.આર એફ /એફ /૩૧૬ /૨૦૧૧

થી આ કામના બીજા પક્ષકાર / શ્રમયોગીશ્રી કુસેબા શ્રીરામ સાનપને તેમની અસલ જગ્યાએ પડેલા દિવસોના પગાર સહીત નોકરીનાં સાતત્ય સાથે પુન:સ્થાપિત કરવા કે કેમ? તે મુદ્દાના ન્યાય-નિર્ણય અર્થે અત્રેની કોર્ટમાં મોકલવામાં આવેલ છે.

**(૨)** સદર વિવાદ અત્રેની અદાલતને ન્યાય-નિર્ણય અર્થે સુપ્રત થતાં, આ કામના પક્ષકારોને આંક-૨ થી સુનાવણીની નોટીસ કાઢવામાં આવેલ જે તેઓને બજી ગયેલ છે. બીજા પક્ષકારે આ કામમાં આંક-૫ થી માંગણાનું નિવેદન રજુ કરેલ બાદમાં આંક-૧૨ થી સુધારેલ માંગણા નિવેદન રજુ કરેલ છે, જેની ટુંકમાં હકીકત એવી છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકારની સંસ્થામાં કાયમી પ્રકારનાં કામ ઉપર કાયમી કામદાર તરીકે તા.૦૧-૦૮-૧૯૯૮ થી ફીટર તરીકે છેલ્લે માસીક રૂ. ૬,૫૦૦/- નાં પગારથી પોતાની ફરજ ખંત અને વફાદારીથી બજાવતા આવેલ છે. બીજાપક્ષકાર કામદારનો નોકરીનો સમગ્ર સમયગાળો નિષ્કલંક અને બિલકુલ સાફ છે. બીજા પક્ષકાર કામદાર તા.૨૦/૦૪/૨૦૧૧ નાં રોજ પોતાની રાબેતા મુજબ પ્રથમ પક્ષકાર નં.૧ ની સંસ્થામાં ફરજ ઉપર હાજર થવા ગયેલ. ત્યારે પ્રથમ પક્ષકાર નં.૧ ની સંસ્થાના કેશીયર શ્રી વિજયભાઈએ જણાવેલ કે, " તમોને ડાયરેક્ટર સાહેબે કામ ઉપર લેવાની ના પાડેલ અને અમોને તમારી જરૂર નથી તમો બીજે કામ શોધી લો." આમ જણાવી ફરજ ઉપરથી કાઢી મુકેલ. ત્યારબાદ આશરે બે માસ પછી પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને લેખિતમાં છુટા કર્યા બાબતનો પત્ર મોકલેલ છે. પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કોઇપણ જાતના કાનુની હક્કો, લાભો અને એપ્રિલ-૨૦૧૧ નાં કામ કરેલા દિવસોનાં પગાર પણ આપેલ નથી. બીજા પક્ષકારે અનેકવાર સંસ્થામાં કામની માંગણી કરવા ગયેલ તેમ છતાં પ્રથમ પક્ષકારે બીજા પક્ષકારને કામ આપેલ નથી કે સંસ્થામાં પ્રવેશ આપેલ નથી. આમ કોઇપણ જાતનાં વ્યાજબી કારણ વિના કોઇપણ જાતની નોટીસ, ચાર્જશીટ ઘરગથ્થુ તપાસની કાર્યવાહી કર્યા સિવાય એકાએક લેખિત હુકમથી તા.૨૦/૦૪/૨૦૧૧ નાં રોજથી પ્રથમ પક્ષકાર સંસ્થાના ડાયરેક્ટર સાહેબે છુટા કરેલ છે. બીજા પક્ષકાર કાયમી કામદાર હોવાં છતા તેઓને નોકરીમાંથી છુટા કરતાં પહેલા બચાવની કોઇ વ્યાજબી તક, સ્ટેન્ડીંગ ઓર્ડર્સ અને કુદરતી ન્યાયના સિધ્ધાંત અનુસાર આપવામાં આવેલ નથી. તેઓને ચાર્જશીટ કે તેમની વિરૂધ્ધ કોઇ બનાવ સબંધમાં ખાતાકીય તપાસ કરવામાં આવી નથી. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતી વખતે નોટીસ કે નોટીસ પગાર અને છટણી વળતર આઇ.ડી.એક્ટની કલમ ૨૫ (એફ) ની જોગવાઈ પ્રમાણે આપવામાં આવ્યા નથી., તેથી તેવું ટરમીનેશન કાયદામાં ગેરકાયદેસર અને નલ એન્ડ વોઈડ ઠરે છે. આમ છુટા

કરતાં પહેલા કોઇ પણ પ્રકારની લેખિત નોટિસ કે હુકમ આપ્યા વિના બીજા પક્ષકારને છુટા કરવાનું પગલું ગેરકાયદેસરનું ગણાય છે તેમજ ભારતીય બંધારણના આર્ટીકલ ૧૪ અને ૨૧ હેઠળ પ્રાપ્ત થતાં બીજા પક્ષકારના રાઈટ ઓફ લાઈવલીહુડનાં ફન્ડામેન્ટલ હક્ક ઝુટવી લેતો હુકમ હોય તે રીતે પણ તેવો હુકમ શરૂઆતથી જ નલ એન્ડ વોઈડ ઠરે છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે છુટા કર્યા ત્યારબાદ બીજા પક્ષકાર રોજેરોજ પ્રથમ પક્ષકાર પાસે કામની માંગણી કરવા જતા પરંતુ તેઓએ બીજા પક્ષકારને સંસ્થામાં પ્રવેશ ન આપતા હતા કે કામ પણ આપતા ન હતા. જેથી બીજા પક્ષકારે સંસ્થાને તેઓના યુનિયન મારફતે નાં રોજ નોટીસ મોકલેલ. જે નોટીસ પ્રથમ પક્ષકારને મળેલ હોવા છતાં તેનો કોઇ જવાબ આપેલ નથી કે કામે રાખેલ નથી. જેથી બીજા પક્ષકાર કામદારે મદદનીશ શ્રમ આયુક્તશ્રી સમક્ષ આઈ.ડી.એક્ટની કલમ-૧૦(૧) હેઠળ ફરીયાદ કરેલ. પ્રથમ પક્ષકાર સંસ્થાના જકકી વલણના કારણે સમાધાન શક્ય ન બનતાં મદદનીશ શ્રમ આયુક્ત સાહેબે પોતાને મળેલી સત્તાની રૂએ સદરહુ વિવાદ આપ નામદાર કોર્ટ સમક્ષ રેફરન્સ થયેલ છે. જેથી બીજા પક્ષકારને તા.૨૦/૦૪/૨૦૧૧ ના રોજથી નોકરીમાંથી ગેરકાયદેસર રીતે મૌખિક હુકમથી છુટા કરેલ હોય, સદરહુ ટર્મીનેશન રદ બાતલ ઠરાવી બીજા પક્ષકાર કામદારને તેઓના પડેલા દિવસોના પુરેપુરા પગાર તથા અન્ય લાભો સહિત સળંગ સર્વિસથી પ્રથમ પક્ષકાર નોકરીમાં પુન:સ્થાપિત કરે તેવો હુકમ કરવા અરજ છે.

(૩) બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ કોઇ લેખિત જવાબ કે બચાવ રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ આંક–૨૫ થી લેખિત જવાબ રજુ કરેલ છે. જેમાં તેઓએ બીજા પક્ષકારના માંગણાના નિવેદનમાં જણાવેલ હકીકતોનો પારાવાઈઝ ઈન્કાર કરી વધુમાં જણાવેલ છે કે, પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને મળેલી માહીતી મુજબ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ દેના બેંક પાસેથી લીધેલ લોનના નાણાં સમયસર ભરપાઈ ન કરવાને કારણે, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની તમામ માલ–મીલકત, મશીનરી વગેરે દેના બેંક તરફથી જપ્ત કરવામાં આવેલ હતી. ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ કાયદેસરની પ્રક્રિયા અનુસરીને તા.૨૪/૦૯/૨૦૧૨ ના રોજ સેલ્સ ડીડથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની બંધ ફેક્ટરી પ્રિમાઈસીસ ખરીદ કરેલ હતી. તે સમયે પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની માલ, મશીનરી પ્રત્યક્ષ રીતે ખરીદ કરેલ ન હતી. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાના ટ્રેડમાર્ક કે કે પેટન્ટ કે બીજુ ખરીદ કરેલ ન હતુ. તેમજ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના કામદારો કે બીજા પક્ષકારના

કેસ સબંધે ઉપસ્થિત થતી કોઈપણ જાતની નાણાકીય જવાબદારી પણ સ્વીકારેલ ન હતી. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફથી પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને તા.૨૪/૦૯/૨૦૧૨ ના રોજ લખી આપેલ અન્ડરટેકીંગ મુજબ બીજા પક્ષકારના કેસ સંબંધેની તમામ કાયદાકીય જવાબદારી સબંધે પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને મુક્તિ આપવામાં આવેલ હતી. જી.આઈ.ડી.સી વાપી તરફથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના નામે આવેલ ફેક્ટરી શેડ તા.૦૩/૧૦/૨૦૧૨ ના રોજ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાનાં નામે ટ્રાન્સફર કરવામાં આવેલ. સંસ્થાએ જુન ૨૦૧૩ ના અરસામાં ફેક્ટરી લાયસન્સ મેળવેલ હતુ અને ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા કરતા તદ્દન અલગ પ્રકારની અને ભિન્ન ઉત્પાદન પ્રક્રિયાઓ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાના માલ અને મશીનરી થકી શરૂ કરવામાં આવેલ હતી. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના વારસ, અનુગામી, એસાઈની નથી કે પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનુ નામફેર કરી લીધેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાના અને પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના ડાયરેક્ટરો અલગ અલગ વ્યક્તિઓ છે. તેઓને એકબીજા સાથે પરસ્પર કોઇ સબંધ નથી. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને હાલના રેફરન્સ કેસમાં બીજા પક્ષકારે ગેરકાયદેસર અને ગેરવ્યાજબી રીતે પક્ષકાર તરીકે જોડેલ હોવાનું જણાવી, બીજા પક્ષકારના હાલના રેફરન્સ કેસમાં ઉપસ્થિત થતી તમામ જવાબદારીમાંથી પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને મુક્ત કરવાનો યાને પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને હાલના રેફરન્સ કેસમાંથી ડીલીટ કરવાનો હુકમ ફરમવવામાં આવે તેવી વિનંતિ કરેલ છે.

વધુમાં, બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તારીખથી એક વર્ષ અગાઉ ૨૪૦ દિવસ નોકરી કરેલ હોવા અંગેનું પક્ષ નિવેદન નથી. બીજા પક્ષકારે ઉપરોક્ત હકીકત નામદાર કોર્ટ સમક્ષ સાબિત કરવી જોઈએ. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાના બીજા પક્ષકાર સાથે માલીક અને કામદાર તરીકેનો કોઈ જ સબંધ અસ્તિત્વ ધરાવતો નથી. તેથી પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા કાયદેસર રીતે જવાબદાર થતી નથી. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા પાસે માંગણાના નિવેદનમાં માગેલ દાદો કાયદેસર રીતે મેળવવા હક્કદાર થતી નથી. અને માંગ્યા મુજબની દાદ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા સામે મંજુર કરવા નામદાર અદાલતના પ્રિસાઈડીંગ ઓફીસર સાહેબની હકુમત યાને Jurisdiction નથી તેમ જણાવી બીજા પક્ષકારને હાલના રેફરન્સમાંથી રદ કરવામાં આવે તેમ જણાવેલ છે.

(૪) સદર કામમાં બીજા પક્ષકાર તરફે આંક-૭, આંક-૧૦ તથા આંક-૧૩ નાં લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક/માર્ક |
| --- | --- | --- |
| ૧. | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને રજી.એ.ડી. થી મોકલેલ માંગણાના નિવેદન જે સામાવાળાને મળી જતાં પરત આવેલ એકનોલેજમેન્ટ. | માર્ક–૭/૧ |
| ૨. | બીજા પક્ષકારના યુનિયને પ્રથમ પક્ષકારને લખેલ પત્રની નકલ. | માર્ક–૧૦/૧ |
| ૩. | નિ.–૨ નાં પત્ર  ન સ્વીકારતા પરત આવેલ કવર. | માર્ક–૧૦/૨ |
| ૪. | પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારને આપેલ આઈ.કાર્ડની અસલ નકલ. | માર્ક–૧૦/૩ |
| ૫. | બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર નં.૨ ને રજી.એ.ડી. થી મોકલેલ માંગણાના નિવેદનની નકલ જે પ્રથમ પક્ષકાર નં.૨ ને મળી જતાં પરત આવેલ એકનોલેજમેન્ટની નકલ. | માર્ક–૧૩/૧ |

પ્રથમ પક્ષકાર નં.૨  સંસ્થા તરફે આંક–૩૬ નાં લીસ્ટથી નીચે મુજબના દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | આંક/માર્ક |
| --- | --- | --- |
| ૧. | આ કામના પ્રથમ પક્ષકાર નં.૨  સંસ્થા તરફથી દૈનિક વર્તમાન પત્રમાં ટાઈટલ ક્લીયરન્સ મેળવવા આપવામાં આવેલ જાહેર ખબરની ઝેરોક્ષ નકલ. | માર્ક–૨૯/૧ |
| ૨. | પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાની તરફેણમાં આપવામાં આવેલ ટાઈટલ સર્ટીફીકેટની ઝેરોક્ષ. | માર્ક–૨૯/૨ |
| ૩. | પ્રથમ પક્ષકાર નં.૨  સંસ્થા અને પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા વચ્ચે થયેલ વેચાણ કરારની ઝેરોક્ષ. | માર્ક–૨૯/૩ |
| ૪. | પ્રથમ પક્ષકાર નં.૨  અને  પ્રથમ પક્ષકાર નં.૧ વચ્ચે થયેલ સમજુતી–અન્ડરટેકીંગની ઝેરોક્ષ. | માર્ક–૨૯/૪ |
| ૫. | જી.આઈ.ડી.સી. તરફથી આપવામાં આવેલ ટ્રાન્સફર ઓર્ડરની ઝેરોક્ષ. | માર્ક–૨૯/૫ |
| ૬. | પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાનું કારખાના ધારા હેઠળનું લાયસન્સ. | માર્ક–૨૯/૬ |
| ૭. | પ્રથમ પક્ષકાર નં.૨ ના ભાગીદારી દસ્તાવેજની નકલ. | માર્ક–૨૯/૭ |

**(૫)** સદર કામે સુનાવણી દરમ્યાન બીજા પક્ષકારે આ કામમાં આંક–૧૮ થી પુરાવા સોગંદનામુ તથા આંક–૩૦ થી વધુ પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે તેઓની ઉલટ તપાસ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાના

વિંધ્વાન વકીલશ્રી દ્વારા કરવામા આવેલ છે. આંક–૩૧ થી બીજા પક્ષકાર તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તરફે આંક–૩૨ થી શ્રી શૈલેષભાઈ મફતલાલ પટેલનું પુરાવા સોગંદનામુ રજુ થયેલ છે તેઓની ઉલટ તપાસ બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધિશ્રી દ્વારા કરવામાં આવેલ છે. આંક–૩૪ થી પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા તરફે ક્લોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા પુરાવા રજુ ન થતાં આંક–૩૩ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના પુરાવાનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આંક–૩૫ થી બીજા પક્ષકાર તરફે લેખિત દલીલ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ પક્ષકારોને વિધ્વાન વકીલ/પ્રતિનિધીશ્રીઓની વિસ્તાર પુર્વકની દલીલો સાંભળવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફથી આ કામમાં હાજર રહી કોઇ બચાવ/રજુઆત કરવામાં આવેલ નથી. આંક–૪૦ ની અરજી અન્વયે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની દલીલનો હક્ક બંધ કરવામાં આવેલ છે. આ કામમાં આગાઉ આંક–૨૨ થી અગાઉના વિધવાન ન્યાયાધીશશ્રી દવારા તા.૨૯/૧૨/૨૦૧૭ નાં રોજ આખરી હુકમ પસાર કરવામાં આવેલ હતો, પછીથી પ્રથમ પક્ષકારનં.૨ ની ફરીફાઇલ અરજીમાં થયેલ હુકમનાં અનુસંધાને આ કામ ફરી ચાલવા પર આવેલ જેમાં, પક્ષકારો તરફથી પુરાવા, રજુઆતો/દલીલો પુર્ણ થતાં કામ હુકમ પર રાખવામાં આવેલ છે.

(૬) સમગ્ર કેસનું રેકર્ડ, પક્ષકારોના વકીલ/પ્રતિનિધીશ્રીઓની દલીલ તથા રજુ થયેલ ચુકાદાઓ ધ્યાને લીધા. આ કેસના ન્યાય નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–:: મુદ્દાઓ ::–</u>**

મુદ્દા નં. ૧. શું બીજા પક્ષકાર પડેલા દિવસોનાં પગાર સાથે નોકરીમાં પુન:સ્થાપિત થવા હક્કદાર છે ?

મુદ્દા નં. ૨. આખરી શો હુકમ?

ઉપરોક્ત મુદ્દાઓનાં મારા જવાબ નીચે મુજબ છે.

મુદ્દા નં. ૧. અંશતઃ હકારમાં.

મુદ્દા નં. ૨. આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

(૭) **<u>મુદ્દા નં. ૧ તથા ૨ :–</u>**

સદર મુદ્દા પરત્વે જોઇએ તો બીજા પક્ષકારનો કેસ એવો છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ ની કંપનીમાં તા.૦૧/૦૮/૧૯૯૮ થી ફીટર તરીકે માસીક રૂ.૬,૫૦૦/- ના પગારથી કાયમી કામદાર તરીકે નોકરી કરતા હતા. બીજા પક્ષકાર તા.૨૦/૦૮/૨૦૧૧ ના રોજ પોતાની રાબેતા મુજબ ફરજ પર હાજર થઈ ગયેલ ત્યારબાદ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના કેશીયર શ્રી વિજયભાઇએ "ડાયરેક્ટર સાહેબે કામ ઉપર લેવાની ના પાડેલ અને બીજે કામ શોધી લો" તેવુ જણાવેલ અને બે માસ પછી લેખિતમાં હુકમ આપીને કાયદેસરની કાર્યવાહી કર્યા સિવાય નોકરીમાંથી લેખિત હુકમ આપી છુટા કરી દીધેલ છે જે ગેરકાયદેસર છે.

બીજા પક્ષકારના માંગણાના નિવેદન વિરૂધ્ધ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ કોઇ જવાબ/બચાવ રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ આંક-૨૫ થી તેમનો લેખિત જવાબ રજૂ કરેલ છે તેમાં મુખ્યત્વે પ્રથમ પક્ષકાર નં.૨ અને અને બીજા પક્ષકાર વચ્ચે માલિક કે નોકરના સબંધો ન હોવાનું, પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના વારસમાં કે અનુગામી કે એસાઈની ન હોવાનુ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની બંધ ફેક્ટરી પ્રિમાઈસીસ લીધેલ લોનના અનુસંધાને દેના બેંક દ્વારા માલ, મીલકત, મશીનરી ટાંચમાં લીધેલ હોવાથી દેના બેંક પાસેથી કાયદેસરની કાર્યા બાદ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની બંધ ફેક્ટરી ખરીદ કરેલ હોવાની અને પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના અગાઉના દેવા, નાણાકીય જવાબદારી કે કામદારો સંબંધેની કોઇ જવાબદારી સ્વીકારેલ ન હોવાનું જણાવેલ છે.

(૮) બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનના સમર્થનમાં આંક-૭, ૧૦ તથા ૧૩ થી દસ્તાવેજી પુરાવા, આંક-૧૮ થી પુરાવા સોગંદનામુ તથા આંક-૩૦ થી વધુ પુરાવાનું સોગંદનામુ રજુ કરેલ છે. બીજા પક્ષકારે પુરાવાના સોગંદનામામાં તેમના માંગણાના નિવેદન તથા રજુ કરેલ દસ્તાવેજી પુરાવામાં જણાવેલ હકીકતોને મહદઅંશે અનુમોદન આપેલ છે.

જ્યારે ઉલટ તપાસમાં જણાવે છે "મારી જન્મ તારીખ ૧/૨/૧૯૬૪ ની છે. જે દર્શાવવા માટે હું દસ્તાવેજ રજુ કરીશ. એ વાત ખરી છે કે, હુ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં કામ કરતો હતો. મે પ્રથમ પક્ષકાર નં.૨ કંપનીમાં ક્યારેય કામ કરેલ નથી. એ વાત ખરી છે કે પ્રથમ પક્ષકાર નં.૧ કંપની સને ૨૦૧૨ માં બંધ થઇ ગયેલ હતી. એ વાત ખરી છે કે, મે પ્રથમ પક્ષકાર નં.૨ કંપનીમાં કામ કરેલ હોય તેવુ દર્શાવતો કોઇ

પુરાવો આ કામે રજુ કરેલ નથી. પ્રથમ પક્ષકાર નં.૧ કંપની જે કામ કરતી હતી તે જ કામ પ્રથમ પક્ષકાર નં.૨ કરતી હતી તે દર્શાવતો પણ કોઇ જ પુરાવો આ કામે રજુ કરેલો નથી. એ વાત ખરી છે કે, મારે જે નાણા લેવા ના છે તે પ્રથમ પક્ષકાર નં.૧ કંપની પાસેથી જ લેવાના છે. પ્રથમ પક્ષકાર નં.૧ અને પ્રથમ પક્ષકાર નં.૨ કંપનીના માલિક એક જ હોય તેવું દર્શાવતો તથા પ્રથમ પક્ષકાર નં.૧ ની જવાબદારી પ્રથમ પક્ષકાર નં.૨ નાએ લીધેલ હોય તેવુ દર્શાવતો પણ કોઇ જ પુરાવો આ કામે રજુ કરેલ નથી. અમારા પરિવારમાં પાંચ વ્યક્તિઓ છે. સને ૨૦૧૧ થી અત્યારે સુધી ઘર ચલાવવાની જવાબદારી મારી હતી. એ વાત ખરી નથી કે, મને ઘર ચલાવવા માટેનો દશ થી બાર હજાર ખર્ચ આવે છે તે હું આજદિન સુધી નિભાતો આવેલ છુ. હું સને ૨૦૧૭ બાદ ગામ જતો રહેલો."

પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાના સાહેદ શ્રી શૈલેષભાઈ એમ. પટેલે આંક-૩૨ થી પુરાવા સોગંદનામુ રજુ કરેલ છે તેમાં તેઓએ સંસ્થા દ્વારા રજુ કરવામાં આવેલ આંક-૨૯ માં દસ્તાવેજી પુરાવામાં જણાવેલ હકીકતો તેમજ સંસ્થાનાં આંક-૨૫ ના લેખિત જવાબમાં જણાવેલ હકીકતોને મહદઅંશે અનુમોદન આપેલ છે.

જયારે ઉલટ તપાસમાં જણાવે છે કે, " અમો પ્ર.પ. નં. ૨ સંસ્થા સને. ૨૦૧૩ માં શરૂ કરી હતી. એ વાત ખરી છે કે, આ નામે આ પહેલા સંસ્થા ચાલતી ન હતી. અમો છો ભાગીદારો છીએ. અમારી પ્ર.પ. નં.૨ કંપનીમાં મેટાલીનીક એસીડ નુ પ્રોડ્કશન થાય છે. અમોએ પ્ર.પ. નં.૧ કંપની સને. ૨૦૧૨ માં દેના બેંક પાસેથી ખરીદી હતી. પ્ર.પ. નં.૧ ખરીદતી વખતે તે કંપનીએ કાયદા મુજબના કોઇ હક્ક હિસ્સા આપેલા કે કેમ તે અમને ખબર નથી. અમારી કંપનીએ કામદાર ના હક્કો માટે દેના બેંક સાથે કોઈ કમીટમેન્ટ કે જવાબદારી લીધેલ નથી. પ્ર.પ. નં.૧ ખરીદ કરતી વખતે અમારી કંપની એ પ્રથમ પક્ષકાર નં.૧ ને કોઇ પેમેન્ટ કરેલ નથી. ટોટલ રકમ દેના બેંકને આપી હતી."

આમ, રજુ થયેલ દસ્તાવેજી પુરાવા તથા પક્ષકારોના સોગંદનામા ઉલટ તપાસને ધ્યાનમાં લેતાં સ્પષ્ટ થાય છે કે, બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં. ૧ ની સંસ્થા હિલ્ટન ઓર્ગેનિક્સ કેમીકલ્સ પ્રા.લી.માં તા.૦૧/૦૮/૧૯૯૮ થી ફિટર તરીકે છેલ્લા માસિક રૂ. ૬,૫૦૦/- પગારથી નોકરીની ફરજો બજાવતા હતા. બીજા પક્ષકારનું કથન છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના ડાયરેક્ટરશ્રીએ તા.૨૦/૪/૨૦૧૧ ના રોજથી કામ પર આવવાની ના પાડેલ અને ૨ માસ પછી લેખિત હુકમ આપી નોકરીમાંથી છુટા કરી દીધેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તરફે બીજા પક્ષકારના માંગણા નિવેદન

વિરૂધ્ધ કોઇ જવાબ કે બચાવ રજુ કરવામાં આવેલ નથી કે બીજા પક્ષકારે રજુ કરેલ પુરાવા સોગંદનામાં અન્વયે ઉલટ તપાસ પણ કરવામાં આવેલ નથી. આથી બીજા પક્ષકારે તેમના માંગણાના નિવેદનમાં તથા પુરાવા સોગંદનામામાં જણાવેલ હકીકતો ન માનવાને કોઇ કારણ નથી. આમ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ બીજા પક્ષકારને તા.૨૦/૦૪/૨૦૧૧ ના રોજ લેખિત હુકમથી નોકરીમાંથી છુટા કરી દીધા છે. બીજા પક્ષકારે આ છુટા કરવાનો લેખિત હુકમ આ કામમાં રજુ કરેલ નથી પરંતુ બીજા પક્ષકારના વિધ્વાન પ્રતિનિધીશ્રીએ તેમની આંક-૩૫ ની લેખીત દલીલમાં તા.૨૦/૦૪/૨૦૧૧ ના રોજ લેખિત હુકમ આપીને બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ નોકરીમાંથી બરતરફી (ડીસમીસલ) નો હુકમ કરેલ હોવાનુ જણાવેલ છે. બીજા પક્ષકાર તરફે એવી દલીલ કરવામાં આવેલ છે કે, બીજા પક્ષકારને નોકરીમાંથી બરતરફ/છુટા કરતાં અગાઉ ગેરવર્તણૂક બાબતમાં આક્ષેપનામુ આપેલ નથી કે બચાવ કરવાની કોઇ તક આપેલ નથી તેથી છુટા કરવાનું પગલું ગેરકાયદેસરનું છે. અગાઉ ચર્ચા કરી તેમ, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ આ કામમાં જવાબ કે બચાવ રજુ કરેલ નથી તેમજ બીજા પક્ષકારને કોઇ ગેરવર્તણુંક સબંધમાં શો-કોઝ નોટીસ આપી ખાતાકીય તપાસ કરવામાં આવી હોય તેવા પુરાવા પણ આ કામમાં રેકર્ડ પર રજુ થયેલ નથી. આથી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ બીજા પક્ષકારને બચાવની તક આપ્યા સિવાય લેખિત હુકમથી નોકરીમાંથી બરતરફ છુટા કરેલ હોવાનુ જણાય છે જે છુટા કરવાનુ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનું પગલુ સંસ્થાને લાગુ પડતા સ્ટેન્ડીંગ ઓર્ડર્સ જોગવાઈ વિરૂધ્ધનું, કુદરતી ન્યાયના સિધ્ધાંત વીરૂધ્ધનુ, ગેરકાયદેસર, ગેરવ્યાજબી અને અન્યાયી છે તેવું ઠરાવવામાં આવે છે. અને તેથી સમાન્ય સંજોગોમાં બીજા પક્ષકારને તેમની મુળ જગ્યાએ સળંગ નોકરીમાં પુન:સ્થાપિત થાય.

પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા મેસર્સ હિલ્ટન ઓર્ગેનિક્સ કેમીકલ પ્રા.લી સને ૨૦૧૨ માં બંધ થઇ ગયેલ હતી તેવી હકીકત બીજા પક્ષકારે તેમની ઉલટ તપાસમાં કબુલ રાખેલ છે. પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાનો લેખિત જવાબ/બચાવ મુજબ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની બંધ ફેક્ટરી પ્રિંમાઈસીસ પ્રથમ પક્ષકાર ન .૨ સંસ્થાએ દેના બેંક પાસેથી કાયદેસરની કાર્યવાહી કર્યા બાદ ખરીદ કરેલ હોવાનું પ્રથમ પક્ષકાર નં. ૨ સંસ્થાએ જણાવેલ છે. આ કામમાં આંક-૨૯ ના લીસ્ટથી પ્રથમ પક્ષકાર નં. સંસ્થા તરફે દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે તેની વિગત ધ્યાનમાં લેતાં પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની બંધ ફેક્ટરી પ્રિમાઈસીસ નિશાની ૨૯/૩ ના વેચાણ કરાર અન્વયે ખરીદ કરેલ છે તે અંગેનો વેચાણ કરાર તા.૨૪/૦૯/૨૦૧૨ ના રોજ કરવામાં આવેલ છે. આથી માનવાને

કારણ રહે છે કે, પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા મેમર્સ હિલ્ટન ઓર્ગેનિક્સ કેમીકલ પ્રા.લી સન ૨૦૧૨ માં દેના બેંકની લીધેલ લોન ભરપાઈ કરી શકેલ ન હોવાથી દેના બેંક દ્વારા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની માલ, મિલકત, મશીનરી, પ્રિમાઈસીસ જપ્ત કરવામાં આવેલ હતી. આ રીતે પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા સને ૨૦૧૨ માં બંધ ગયેલ છે. બીજા પક્ષકાર પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થામાં નોકરી કરતા હતા તે સંસ્થા બંધ થઇ ગયેલ છે તેથી હવે બીજા પક્ષકારને નોકરીમાં પુન:સ્થાપિત કરવાનો પ્રશ્ન રહેતો નથી. પરંતુ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તા.૨૪/૦૪/૨૦૧૧ થી પ્રથમ પક્ષકાર નં.૧ બંધ થઇ ગઈ ત્યાં સુધીના પડેલા દિવસોના પગાર તથા સંસ્થા બંધ થતાં મળવાપાત્ર થતાં કાયદેસરના લાભો અંગેની વિચારણા કરવાની રહે છે. પડેલા દિવસોના પગાર બાબતે જોઈએ તો, બીજા પક્ષકારે તેમના આંક–૧૮ ના પુરાવા સોગંદનામામાં તથા આંક–૩૦ ના વધુ પુરાવા સોગંદનામામાં નોકરીમાંથી છુટા કર્યા બાદ બીજા અનેક સ્થળોએ કામ મેળવવા પ્રયત્ન કરેલ હોવા છતાં બીજે કામ મળેલ નહી હોવાનું અને હાલ બેકાર હોવાનું જણાવેલ છે. બીજા પક્ષકાર અન્ય કોઇ જગ્યાએ નોકરી કરતા હોય અને લાભકારક કમાણી કરતા હોય તેવા પુરાવા આ કામમાં રેકર્ડ પર આવેલ નથી. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં ફીટર તરીકે નોકરી કરતાં હતા. બીજા પક્ષકાર ટેક્નીકલ કામગીરીની જાણકારી ધરાવે છે. આટલા લાંબા સમય સુધી બીજા પક્ષકાર કાંઈપણ કમાણી કર્યા વગર બેકાર બેસી રહેલ હોય તેવુ આ મોંઘવારીના જમાનામાં શક્ય નથી. પડેલા દિવસોના પગાર અંગેની વિચારણા કરતી વખતે કામદારની નોકરીનો સમયગાળો, ઉંમર, શૈક્ષણિક લાયકાત, બીજે નોકરી મળવાની સંભાવના વગેરે બાબતો ધ્યાનમાં લેવાની હોય છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં આશરે ૧૪ વર્ષ જેટલી નોકરીની ફરજો બજાવેલ છે. બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે લેખિત હુકમથી નોકરીમાં છૂટા કરેલ છે પરંતુ તેવો લેખિત હુકમ બીજા પક્ષકારે આ કામમાં રજુ કરેલ નથી. બીજા પક્ષકારના વિધ્વાન વકીલશ્રીએ તેમની લેખિત દલીલમાં બીજા પક્ષકારને નોકરીમાંથી લેખિત હુકમ આપી બરતરફ કરેલ હોવાની વિગત જણાવેલ છે. બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર સંસ્થામાં કરેલ ગેરવર્તણુક અંગેની હકીકત આ કામમાં રેકર્ડ પર આવેલ આવેલ નથી. આ તમામ હકીકત ધ્યાનમાં લેતાં, બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તા.૨૦/૦૪/૨૦૧૧ થી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા બંધ થઇ ત્યાં સુધીના પડેલા દિવસોના ૫૦% પગાર તથા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા બંધ થતા મળવાપાત્ર થતી કાયદેસરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો, તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત થઈ રહેશે તેવું મારુ નમ્રપણે માનવું છે.

પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાનુ કથન છે કે, પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની બંધ ફેક્ટરી પ્રિમાઈસીસ ખરીદ કરેલ છે પરંતુ પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાની અન્ય કોઇ નાણાકીય જવાબદારી સ્વીકારેલ નથી. આ કામમાં નિશાની ૨૯/૪ થી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાએ પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાને અન્ડરટેકીંગ લખી આપેલ છે તેની નકલ રજુ કરેલ છે. આ અન્ડરટેકીંગના છેલ્લા પેરામાં આ મુજબ ઉલ્લેખ કરવામાં આવેલ છે.

" Executor Company has passed resolution on 04th June, 2012 granting powers to its director to execute this sale deed.

We are fully responsible for all such liabilities and above said buyer is not even held liable for any outstanding."

આમ, આ અન્ડરટેકીંગમાં પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાના ડાયરેક્ટરશ્રીને સેલ ડીડ કરવા માટે પાવર્સ આપવામાં આવેલ હોવાનો તેમાં ઉલ્લેખ કરવામાં આવેલ છે. વધુમાં, અન્ડરટેકીંગમાં પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા તેમની તમામ liabilities માટે જવાબદાર છે અને ખરીદ કરનાર સંસ્થા કોઈપણ પ્રકારના પ્રથમ પક્ષકાર નં.૧ ના બાકી લેણાં માટે જવાબદાર નથી તેવી સ્પષ્ટતા કરવામાં આવેલ છે. આથી બીજા પક્ષકારના કિસ્સામાં પ્રથમ પક્ષકાર નં.૨ સંસ્થાની જવાબદારી હાલના રેફરન્સ કેસમાં બનતી નથી તેવુ ઠરાવવામાં આવે છે.

બીજા પક્ષકારને તા.૨૦/૦૪/૨૦૧૧ ના રોજ લેખિત હુકમથી નોકરીમાંથી છુટા કરવાનું પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવવામાં આવેલ છે. પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા સન.૨૦૧૨ માં બંધ થઇ ગયેલ છે તેથી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તા.૨૦/૦૪/૨૦૧૧ થી પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા બંધ થઇ ત્યાં સુધીના પડેલા દિવસોના ૫૦% પગાર તથા પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા બંધ થતા મળવાપાત્ર થતી કાયદેસરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે તો, તે યોગ્ય, વ્યાજબી અને ન્યાયોચિત થઈ રહેશે તેવું મારુ નમ્રપણે માનવું છે.

ઉપરોક્ત હકીકત અને સંજોગોમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

-ઃઃ હુ ક મ ઃઃ-

(૧) બીજા પક્ષકારનો રેફરન્સ આથી અંશતઃ મંજુર કરવામાં આવે છે .

(૨) બીજા પક્ષકારને તા.૨૦/૦૪/૨૦૧૧ થી નોકરીમાંથી છુટાં કરવાનું પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થાનુ

પગલુ ગેરકાયદેસર ઠરાવવામાં આવે છે .

(૩) પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ નાંએ બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કર્યા તા.૨૦/૦૪/૨૦૧૧ થી પ્રથમ પક્ષકાર નં.૧ સંસ્થા બંધ થઇ ત્યાં સુધીના પડેલા દિવસોના ૫૦% પગાર તથા પ્રથમ પક્ષકાર નં. ૧ સંસ્થા બંધ થતા મળવાપાત્ર થતી કાયદેસરની રકમ ચુકવી આપવાનો હુકમ કરવામાં આવે છે .

(૪) પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૧ એ બીજા પક્ષકારને આ રેફરન્સના ખર્ચના રૂ.૫,૦૦૦/– (અંકે રૂપીયા પાંચ હજાર પુરા) ચુકવવા તેવો હુકમ કરવામાં આવે છે .

(૫) આ હુકમનો અમલ એવોર્ડ પ્રસિધ્ધિ થયેથી દિન–૩૦ માં કરવાનો રહેશે.

વલસાડ.
તા. ૧૦/૦૮/૨૦૨૩

( એ. એન. તલસાણીયા )
GJ 00790
પ્રમુખ અધિકારી,
મજુર અદાલત નં.૧, વલસાડ.